# નમસ્કાર ગાંધીનગર




## પમરાટ

જે વિહરતા મુક્ત થઇ આકાશમાં,એ વિહંગો આજ કારાવાસમાં.
સૂર્ય સામે બંડ પોકાર્યું હતું,લ્યો ફરી આવ્યાં અમે અજવાસમાં.
એમને સજ્જન અમે ધાર્યા હતાં,ડોળ કરતા'તા નવા લીબાસમાં.
એકદમ આવે નહીં કૈં હોઠ પર, આ ગઝલ પણ ક્યાં લખી નવરાશમાં.
હું તણાયો છું વગર વરસાદમાં, કોઇની આંખોની આ ભીનાશમાં.

ડો. નિલેશ ચૌહાણ (નીલ)

## પાથેય

# લ્યો ફરી આવ્યા અમે અજવાસમાં !

પરિવર્તન એ સંસારનો નિયમ જરૂર છે,પરંતુ કેટલાક બદલાવો આશ્ચર્યજનક હોય છે.એક વખત જેણે મુક્તિનો કે સ્વતંત્રતાનો અનુભવ કર્યો હોય એવા લોકોને જ્યારે બંધાઈને બેસી રહેવું પડે ત્યારે ખૂબ જ કઠિન લાગતું હોય છે. આકાશમાં ઉડતાં પંખીઓ જ્યારે કોઈ પિંજરામાં કેદ થઈ જાય છે ત્યારે એને સ્વતંત્રતાનું મૂલ્ય સમજાય છે. મુક્ત પંખીઓને કેદ કરતો માણસ કેટલો મોટો અત્યાચાર કરે છે એ એને ત્યારે જ સમજાય કે જ્યારે પોતે આવી પરતંત્રતાનો અનુભવ કરે. કારણ વગર કોઈને કારાવાસ કરવો એવી આ ઘટના છે. ઘણીવાર માણસની વિરોધ કરવાની પદ્ધતિ પણ વિચિત્ર હોય છે.કેટલાક લોકો સૂર્ય સામે ધૂળ ઉડાડતા રહે છે.મોટાભાગના માણસો એવા હોય છે કે જે સતત કોઈ સફળ માણસની ટીકાઓ કરતા રહે છે. એ રીતે ઘણા લોકો પ્રસિધ્ધિ પણ મેળવવા માગતા હોય છે.સૂર્ય સામે બળવો કરીને અજવાસમાં આવવાની આ બાલિશતા બહુ લાંબી ચાલતી નથી.કેમકે સૂર્ય આખરે સૂર્ય જ હોય છે.એની સામે કોઈ ટકી શકતું નથી.

દુનિયામાં સૌથી અઘરી બાબત હોય તો એ છે માણસને ઓળખવો.આપણે સૌ એકબીજાને વર્ષો સુધી મળતા રહીએ છીએ.સંબંધોથી બંધાતા રહીએ છીએ.આપણી નજર સામે જે વ્યક્તિનો ઉછેર થયો હોય એના સુખદુ:ખ,ગતિપ્રગતિથી આપણે વાકેફ હોઈએ આમ છતાં એના વિશે કોઈ નક્કર અભિપ્રાય બાંધી શકતા નથી.એવું અકળ મન ઈશ્વરે માણસને આપ્યું છે.એવું પણ કહેવાય છે કે માણસ જ્યાં સુધી મૃત્યુ ના પામે ત્યાં સુધી એના વિશે કોઈ આખરી અભિપ્રાય બાંધવો નહીં. કારણ કે આજે જે માણસ જે સ્વરૂપે દેખાય છે એ ક્યારેક અણધારી રીતે એનાથી તદ્દન વિપરીત સ્વરૂપે પણ દેખાતો પ્રગટ થતો હોય છે.કેટલાક લોકો બાહ્ય ટાપટીપ કરીને કે ખોટો ડોળ કરી સજ્જન દેખાવાનો પ્રયત્ન કરતા રહે છે. સફળ પણ થતા રહે છે. એવા લોકો જ્યારે પોતાના મૂળ સ્વભાવ ઉપર આવી જાય છે ત્યારે આપણું ભ્રમનિરસન થઈ જતું હોય છે.આવું થાય કેમ કે માણસ વિશે કશું અંતિમ ના કહી શકાય. કોઈ માણસ કવિતા લખતો હોય એટલે આપણે માનીએ કે એવા લોકોની પાસે ખૂબ નવરાશ હશે ! આપણે મોટેભાગે એવું માનતા હોઈએ છીએ કે જે લોકો કલા, સાહિત્ય,સંગીત જેવા શોખ ધરાવતા હોય છે એમની પાસે પુષ્કળ પ્રમાણમાં વધારાનો સમય રહેતો હશે.આપણે દ્રઢપણે એવું માનીએ છીએ કે આ નવરા લોકોનું કામ છે.આ હિસાબે જોઈએ તો જગતમાં મોટાભાગના માણસો સાહિત્યકાર કે કલાકારો હોવા જોઈએ ! પરંતુ એવું બનતું નથી. વાસ્તવમાં આવા લોકોની સંખ્યા બહુ જૂજ હોય છે.એ સાબિત કરે છે કે નવરાશને લેખનને કે કલા જેવા શોખને એવો કોઈ સંબંધ નથી.માણસ નવરો હોય એટલે કલાકાર બને એવું કોઈ સીધું ગણિત નથી.ઘણા બધા વ્યસ્ત લોકો અને કારકિર્દીમાં ટોચ પર હોય એવા લોકો પણ જ્યારે કોઈ કલાને આત્મસાત કરે છે ત્યારે આપણને ચમત્કાર જેવું લાગે છે. કોઈ ગીતની પંક્તિઓ કે,કાવ્યની કે ગઝલની પંક્તિઓ એમનેએમ હોઠ ઉપર કે કાગળ ઉપર આવતાં નથી.એની પાછળ એક લાંબી સર્જનપ્રક્રિયા સંકળાયેલી હોય છે.આપણે મોટા ભાગની બાબતોને સીધીસટ રીતે જોવા ટેવાયેલા છીએ.એની પાછળનો ઉદ્યમ કે નિષ્ઠા અથવા સાધનાને જોવાની દરકાર કોઈ કરતા નથી. માણસ ધસમસતા પુરમાં કે પ્રવાહમાં જ તણાતો રહે એ તો સમજી શકાય. ઘણીવખત લોકો લાગણીના પૂરમાં પણ તણાતા રહે છે.તણાઈ જવું એ અહીં એક વિશેષ ઉપહાર બની જાય છે.કવિ બહુ સરસ કલ્પન કરે છે.એ કહે છે કે હું વરસાદ વગર જ તણાતો રહ્યો છું ! આપણને સહજ પ્રશ્ન થાય કે એવું કેવી રીતે બને ?આંખોની ભીનાશમાં તણાતો રહું છું એમ કવિ જવાબ આપે છે.લાગણીમાં તરબોળ થવું, લાગણીભીના થવું,લાગણીના પ્રવાહમાં વહેવું એ કોઈ પણ સંવેદનશીલ માણસ માટે સહજ ઘટના બની રહે છે. આવા વિરોધાભાસો કે આવી જ અજાયબીઓ કે માનવમનની ખૂબીઓ જ્યારે કોઈ શબ્દ સ્વરૂપ પામે છે ત્યારે એની મજા કંઈક અલગ જ હોય છે..

# આ સવાલોના જવાબમાં જ છે સાચી સ્વતંત્રતા...!




વધુ એક સ્વતંત્રતા દિવસને આપણે ઉજવવા જઇ રહ્યા છીએ.. હિન્દુસ્તાનની સ્વતંત્રતાના શિલાલેખમાં વધુ એક સ્વતંત્ર વર્ષ ઉમેરાવા જઈ રહ્યું છે.. વધુ એક વર્ષ હું ને તમે સ્વતંત્ર ભારતની હવા આપણાં ફેફસામાં ભરીને જીવી લેવાના છીએ.. વધુ એક વર્ષ ' ભારત માતા કી જય ' ના નારાઓ ગગનભેદી અવાજો કરવાના છે.. પણ.. પણ.. પણ.. આઝાદીના આટલા વર્ષો પછી પણ એક સવાલ સતત મુંજવી તો રહ્યો જ છે કે દેશ આઝાદ થયો છે ત્યારે એ આઝાદી જે કિમતે અને અનેક લોકોના બલિદાન પછી આવી છે.. એ આઝાદીને આપણે કેટલી સાચવી શક્યા છીએ..??? આપણે એની કેટલી કિમત કરી શક્યા છીએ..?? દેશ આઝાદ થયો એ હકીકત છે અને વર્ષો વીતી ગયા છે એ પણ હકીકત છે પણ ગુલામીની માનસિકતા અને આઝાદી પહેલા જે બદીઓ હતી એમાં આપણે કેટલો ઘટાડો કરી શક્યા છીએ..?? કે એમાં ઉમેરો કરી રહ્યા છીએ..??? ' દેશ તો આઝાદ / સ્વતંત્ર થઇ ગયો પણ આપણે આપણી વિચારસરણીથી ક્યારે આઝાદ કે સ્વતંત્ર થઈશું ?" આપણી સોચ / વિચારવાની શક્તિ અને એની દિશાથી ક્યારે સ્વતંત્ર થઈશું ?

' આપણે સ્વતંત્ર છીએ ' આવું બોલતા – સાંભળતા આપણને કેટલી સરસ ફિલિંગ આવે છે નહીં..? પણ સ્વતંત્રતાનો અર્થ.. સ્વતંત્રતાનો મૂળ હેતુ અને સ્વતંત્રતાનો સાચો ઉપયોગ મને લાગે છે કે હજુ આપણે નથી કરી શક્યા..!!! દુખદ અને ના ગમે એવી વાત એ છે કે સ્વતંત્રતાને આપણે વાણી – વિચાર – આચારની સ્વતંત્રતાના રૂપમાં જોઈએ છીએ અને એ વાત સાચી પણ છે કેમકે આપણાં બંધારણમાં સ્વતંત્રતાનો અર્થ પણ એ જ છે કે ભારતના નાગરિક તરીકે મને ને તમને વાણી – વિચાર-વ્યવહારની આઝાદી છે. હકીકતે આ ઉમદા વિચાર અંકિત કરતી વખતે આશા તો એવી જ હશે કે આની છત્રછાયા નીચે દેશના નાગરિકો એક થાય અને સ્વતંત્રતાનો ઉપયોગ દેશને નવી ઊંચાઈઓ પર લઈ જવામાં કરે. પણ આજે થયું છે શું ? આપણે જોઈએ છીએ કે સ્વતંત્રતાના ઓઠા નીચે દેશ અને દેશનું મહત્વ કોરાણે મૂકીને લોકો ધર્મ.. જાત.. સ્ટેટ્સના આધારે પોતપોતાની સ્વતંત્રતા પોતે જ નક્કી કરી રહ્યા છે. દેશમાં ફાટીને ધુમાડે ગયેલી અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામે કોઈ ગમે તે અનાપ-શનાપ બોલી શકે છે. દરેકને અભિવ્યક્તિની આઝાદી તો સ્વતંત્ર થયાની સાથે જ મળી છે પણ એ આઝાદી ખોટા રસ્તે વપરાતી હોય એવું વધુ લાગે છે.


ગરીબી, અસમાનતા, ધાર્મિક તફાવતો આ બધા અંગ્રેજોથી આઝાદ થવાના મુદ્દાઓમાંના મહત્વના મુદ્દા હતા અને આઝાદીના લડવૈયાઓએ નાત-જાત કે ધર્મ જોયા વગર દેશની આઝાદી માટે પોતાના જાન કુરબાન કરી દીધા પણ આઝાદીના ઓલમોસ્ટ સાત દાયકા પછી પણ આમાંની ઘણીબધી નબળાઈઓ આજે પણ આપણાં સમાજમાં જીવે છે અને કદાચ એટલે જ આજદિન સુધી સ્વતંત્રતાનો સાચો સ્વાદ દેશના નાગરિકોને નથી મળી રહ્યો. વાત સીધી ને સટ જ છે કે જો દેશના નાગરિકોમાં જ એકતાનો અભાવ હશે તો સ્વાભાવિક છે કે દેશનો વિકાસ રૂંધાવાનો જ છે અને દેશનો વિકાસ અટકે એટલે નાગરિકનું ભલું તો ક્યાંથી થવાનું ? અને આના માટે જરૂર છે સ્વતંત્રતાનો પોતાના માટે નહીં પણ દેશના પરિપેક્ષમાં ઉપયોગ કરવાનો. સ્વતંત્રતાનો સાચો અર્થ ત્યારે જ સમજાય કે જ્યારે મુસીબતોમાં દેશ એક રહે. ' વી આર વન ' આ સૂત્રનો પડઘો દેશના દરેક નાગરિકોના વાણી અને વર્તનમાં ડોકાય. નાની વાતોમાં કોમી હુલ્લડો થાય.. ધાર્મિક સરઘસો ઉપર હુમલા થાય.. મહિલાઓની સલામતી જોખમાય.. નાની અમથી વાતમાં બે કોમો કે બે સમુદાયો સામસામે આવી જાય અને દિવસો સુધી હિંસા બંધ ના થાય એવા બનાવોમાં ક્યા ' વી આર વન ' દેખાય છે ?

યસ વાત મણિપુર અને નુહની બેફામ હિંસાની થઈ રહી છે. પોલિટીક્સની વાત અહી ના કરીએ પણ એઝ એ સીટીઝન આપણે ક્યા ઊણાં ઉતર્યા છે એની વાત પહેલા થવી જોઈએ. અને મણિપુર કે નુહ તો તાજેતરની ઘટનાઓ છે પણ દેશના એક નાગરિક તરીકે રોજબરોજ આવી અનેકો ઘટનાઓ ધાર્મિક ઉન્માદ કે પછી જાતીય સુપ્રીમસીના ચક્કરમાં બની રહી છે. સ્વતંત્રતા આના માટે તો નહોતી જ મળી. મહિલાઓની સાથે થઈ રહેલી અપ્રિય ઘટનાઓ માટે મળેલી સ્વતંત્રતા ? હા એમ કહી શકાય કે આર્થિક અને માળખાગત સ્વરૂપે થઈ રહેલા વિકાસમાં, વિશ્વમાં મહાસત્તા બનવામાં આગળ થવામાં, કઈક અંશે બીજા કરતાં સારી કહી શકાય એવી ખુશહાલીભરી જિંદગીમાં, પહેલાના દેવાદાર અર્થતંત્ર કરતાં ઝડપથી ગુલાબી બનતા જતાં અર્થતંત્રમાં વગેરે વગેરેમાં કદાચ આપણે બીજા દેશો કરતાં.. કે બીજા દેશોના નાગરિકો કરતાં સ્વતંત્ર કે પછી આગળ નીકળી ચુક્યા છીએ પણ હકીકતે સ્વતંત્રતાનો જે મૂળ અર્થ હતો, સ્વતંત્રતા મળ્યા પછી જેનો ઉકેલ લાવવો એ આપની અગ્રિમતા હતી એ વિખવાદી માનસિકતા, દંભી રાષ્ટ્રીયતા , અમુક અંશે ખોખલી રાજનીતિક વ્યવસ્થા, ઓલમોસ્ટ અંગ્રેજો કે જમાને કે કાયદે-કાનુન, હજુ પણ ઘણીબધી રીતે સડેલી અમલદારશાહી, જેમના માટે દેશપ્રેમ પહેલા છે એવા જૂજ નેતાઓને બાદ કરતાં ઓલમોસ્ટ ચવન્ની છાપ નેતાઓ, ચૂંટણીની ઈર્દગિર્દ મડાતું રહેતું વોટબેંકનું રાજકારણ, ધાર્મિક તો ઠીક છે કે સામાજિક પણ ઠીક છે પણ અત્યંત ધૃણાસ્પદ કહી શકાય એવા મહિલા અત્યાચારોથી આપણે હજુ સ્વતંત્ર નથી થયા..!!!

અને એમ થવાના પણ નથી. કેમકે એના માટે સૌપ્રથમ તો સ્વતંત્રતાનો સાચો અર્થ મારે ને તમારે જાણવો પડશે. અંગ્રેજીમાં જેને સિવિક સેન્સ કહે છે ને એ નાગરિક સમજણ મારે ને તમારે વિકસાવવી પડશે. જગતના કોઈપણ વિકસિત અને સાચા અર્થમાં બધી જ રીતે સ્વતંત્ર દેશોને જોશે તો એક વાત સમજાશે કે ત્યાંનાં નાગરિકો દેશને નુકશાન તો નહીં થાય ને ? એવા સિમ્પલ વિચારની આસપાસ પોતાનો સમાજ, ધર્મ અને નાગરિક ફરજોને ગોઠવતા હોય છે. આપણે મારુ.. મારુ કરવામાં દેશને નુકશાન પહોંચાડી છીએ અને અલ્ટીમેટલી દેશને નુકશાન એ મને ને તમને જ નુકશાન છે. એવું પણ નથી કે આઝાદીના ૭૫ વર્ષોમાં આપણે કોઈ સુધારો નથી લાવી શક્યા. ચોક્કસપણે દેશના ઘણાબધા મુશ્કેલ મુદ્દાઓને હલ કરવામાં રાજકીય ઇચ્છાશક્તિ અને એની સાથે નાગરિકોની સહમતી પણ વધી છે પણ હજુ પણ એવું લાગે છે કે ધરમ અને સમાજના નામે થતાં હુલ્લડો.. તોફાનો.. આર્થિક અને ધાર્મિક વિષમતાઓને લીધે પડતાં સામાજિક ભાગલાઓ અને આવનારી પેઢીઓ પર પડતી એની અસરો બાબતમાં આપણે લાપરવાહ છીએ. સત્તા કે સિસ્ટમ એક ચોક્કસ હદ સુધી દેશને વ્યવસ્થિત બનવામાં મદદ કરી શકે પણ એ જ સિસ્ટમ અને સિવિક સેન્સનો જો હું ને તમે દેશહિતમાં ઉપયોગ કરતાં થઈ જઈએ તો આર્થિક – સામાજિક – ધાર્મિક અને ખાસ તો માનવીય સ્વતંત્રતાનો સોનેરી ફાયદો મેળવી શકીએ . આ ૧૫ મી ઓગષ્ટે પ્રાણપ્યારા તિરંગાને સલામી આપતી વખતે ઉપરના અને એ સિવાયના અમુક અણિયાળા સવાલો છે જે મને ને તમને ખૂંચવા જોઈએ અને જેનો જવાબ એટલીસ્ટ આવનારી પેઢીના કલ્યાણ માટે પણ વિચારવો જોઈએ એવું આ લખનારને લાગે છે અને તો જ સ્વતંત્રતા માટે મરી ફિટનાર એ અનેકો અનામી શહીદોને સાચી શ્રદ્ધાંજલિ આપી કહેવાશે.

- akurjt@gmail.com

# અદ્વિતીય-દ્વિતીય લગ્નનો વહુઘોડો....




અગડંબગડં કોલોનીના કૉમનપ્લૉટમાં મંડપ બંધાઈ રહ્યો હતો, સુતળીના દડો લઈને સોસાયટીના બે યુવાનો દોડી રહ્યા હતા. આ બન્ને શબને બાંધીને તૈયાર કરવામાં હોંશિયાર હતા. આજે સારી બાબત એ હતી કે આજે એ લોકો મદદનીશ તરીકે હતા. જો કે ટેવ મુજબ ખભા પર એક પંચિયું નાંખીને આવ્યા હતા એના કારણે મંડપની શોભામાં ઘટાડો થતો હતો. નાથાલાલ તાજી દાઢી કરાવી હોય એવી લીસ્સી સપાટીવાળા ગાલ જેવા આંગણામાં બરછટ ભાવ સાથે મંડપવાળાઓને જોઈ રહ્યા હતા. દુર્ગાને પડોશણોની હેરાનગતિ ચાલું હતી. ઘણી સ્ત્રીઓને શિખામણ આપવાની 'ડીફૉલ્ટ' આવડત હોય છે એનો ભાર દુર્ગા અનુભવી રહી હતી.દુર્ગા જોતી હતી કે જે સ્ત્રીઓ એના ઘરની આસપાસ જમાવડો કરીને બેસી રહે છે, એ જો એમના કર્કશ અવાજમાં લગ્નગીતો ગાય તો એના લગ્ન માટે આવડો મોટો ખર્ચ કરવાનો નબળો ઉત્સાહ તળીયે જઈને બેસે. મગનલાલની આગેવાની નીચે પાંચ જણ એવી રીતે નાથાલાલના ઘર તરફ જઈ રહ્યા હતા જાણે એ લોકો હુમલાનો 'પ્લાન' કરીને આવ્યા હોય.

નાથાલાલને પોતાના 'પહેલાં' લગ્નમાં આટલી બધી મીટીંગોનો અનુભવ નહોતો પણ એને લાગી રહ્યું છે કે કોઈપણ પ્રસંગમાં સરકારી માણસો જોડાય એટલે મીટીંગોનો સિલસિલો ચાલું થઈ જાય છે. નાથાલાલ અને દુર્ગાએ નક્કી કર્યું હતું કે 'આ લોકોને આજે તો ભાવ નથી આપવો જેથી એમને સમજાય કે અમારે આ પ્રસંગ ભયાનક સાદગીથી ઉજવવો છે.' નાથાલાલ જે ક્ષણે દુર્ગાને ભેટી પડેલા અને દુર્ગાએ કહેલું કે 'આઈ પ્રપોઝ..' એ પછી નાથાલાલ હસ્યા નથી. એટલું જ નહીં પણ હસવાની ઈચ્છા પણ થતી નથી. બીજા લગ્ન પોતે જ એક પ્રકારનો ભાર લઈને નક્કી થતાં હોય છે. એમાંયે વળી આ સોસયટીવાળાની એક સાવ જુદા જ પ્રકારની ના'ત છે. એટલે નાદુરસ્ત માહોલમાં સમય ગોઠવાઈ રહ્યો છે.

ફાઈનલી, એ દિવસ આવી ગયો. ઓછું બોર થવાય એટલા માટે નાથાલાલે સવારે વરઘોડો અને સાંજે પાંચવાગ્યે હસ્તમેળાપ અને રાત્રે ભોજન એવા ત્રિપલ-તાળીપાડ-પ્રસંગો ગોઠવી દીધા હતા. સવારે મંડપ નીચે ઢોલવાળા નિયમસર આવી ગયા હતા. એમને એમ હતું કે વરની 'મા' એમને બોલાવી ચા-પાણી કરાવશે એટલે આવીને ઢોલ વગાડીને માહોલ ઉભો કરવાનો પ્રયત્ન કરતા હતા. ઢોલ એ પોલમાંથી ઉભો થતા નાદનું વિજ્ઞાન છે એ સમજવા કોઈ ઉપલબ્ધ નહોતું. પહેલાંમાં પહેલાં પૂર્ણપરાક્રમસિંહ આવીને એક આળસું જેવી લાગતી ખુરશી ઉપર બેસીને પોતાની મુછોના વળ ચઢાવતા બેઠા. છગનલાલ કાલ રાતથી એક 'થિયરી' બધાને સમજાવી રહ્યા છે કે 'બીજાં લગ્ન હોય તો એમાં ચાંલ્લો ના હોય.' છગનલાલ એમની અડધી ટાલ નીચે અર્ધસમજ ધરાવતા મગજને સંતાડી એક પીળો પણ પરાણે ઈસ્ત્રી કરાવેલો લાગે એવો ઝભ્ભો પહેરીને આવ્યા હતા. મંગુબેન પોતાની ખરાબ પસંદગીથી પોતાની ઉંમર વધારે બતાવી શકતા. મગનલાલ પ્રમુખ હોવાને લીધે લીનનના ઝભ્ભા સાથે એક મેચીંગમાં ના બેસે એવું પર્પલ-રંગનું જાકીટ પહેરેલું. વિદ્યાગૌરી અજ્ઞાનીની એક વિશેષતા આજે પણ એમને અલગ પાડતી હતી, એમને દરેક કપડું ના શોભે એવું વરદાન હતું. આજે પણ મોંઘી સાડી હશે પણ એનો કલર હળવો ગુલાબી હોવાથી બિલકુલ શોભા આપતો નહોતો, તો ચાર્મી વેસ્ટર્ન કપડાં પહેરીને આવી હતી, પણ બધાની સામે જોતાં એને ખ્યાલ આવ્યો કે અહીં ઢોલવાળા સિવાય કોઈ ઈમ્પ્રેસ થવા તૈયાર નહોતાં. આ બધાની સાથે ઘોડો આવ્યો, સુચના પ્રમાણે ઓછો શણગારેલો ઘોડો કોઈ તાજા પ્રમોશન પામેલા અધિકારી જેવો લાગતો હતો. જાણે વંદે ભારતની ટ્રેન આવી છે અને બે જ મિનિટમાં ઉપડી જવાની છે એવી માનસિકતા સાથે ઘરમાંથી એકદમ ધસી આવેલા નાથાલાલે સીધું જ ઘોડા ઉપર બેસી જવાનું પસંદ કર્યું. બધા વિચારમાં પડી ગયેલા પણ કોઈ કશું બોલે એ પહેલાં જ ઢોલવાળાએ જોર જોરથી ઢોલ વગાડવાનું ચાલું કર્યું. બધી સ્ત્રીઓ વિચાર કરતી હતી કે બીજા લગ્નમાં વહુ ક્યાં જશે કારણ દુર્ગાનું 'પિયર' જેવું તો હતું જ નહીં. બધાના આશ્ચર્ય વચ્ચે એ જાતે જ બહાર આવીને ઓટલે ઉભી રહી બોલી, 'આપ સૌ મહેમાનોનું સ્વાગત છે, આપણે વરઘોડો શરું કરીએ..'એણે કહ્યું,' અમે બહુ મહેનત કરી પણ બીજો ઘોડો કે ઘોડી ના મળવાથી એક જ ઘોડા ઉપર નાથાલાલ એકલા જ ઘોડા ઉપર બેસશે. વરઘોડો નક્કી કર્યા પ્રમાણેના રૂટ ઉપર જશે અને દોંઢ કિલોમીટર પુરા થયેથી બધા પાછા ફરીશું, તે વખત આ શોભાયાત્રા 'વરઘોડા'ને બદલે 'વહુઘોડા'માં ફેરવાઈ જશે એટલે કે હું ઘોડા ઉપર બેસી જઈશ. ડીજે વાગતું હશે એટલે કોઈ બહેનોએ ગાવાનું કષ્ટ લેવાનું નથી.' આટલી બધી સ્પષ્ટ વાતોથી જમવા માટે આતુર એવા જાનૈયાઓને નાથાલાલનું ભવિષ્ય ખુબ ઉજ્જ્વળ દેખાયું.

'ન ભુતો ન ભવિષ્યતિ' એવાં દ્રશ્યો સર્જાયાં, અભૂતપુર્વ મેદની ભેગી થઈ ગઈ, કારણ 'બીજવર ઘોડા ઉપર' કે 'મુર્ખ હોય એ બીજીવાર ઘોડે ચઢે' એવાં મ્હેંણાં-ટોણાંથી સોશિયલ મીડિયા ઉભરાતું હતું. દુર્ગાએ ઘોડેસ્વારીનો ડ્રેસ પહેરેલો એના કારણે વહુ કરતાં 'વૉરિયર' વધું લાગતી હતી. આ દ્રશ્યના વીડિયો વાયરલ થતાં ટ્રાફિકની સમસ્યા થઈ જાય એટલી સ્ત્રીઓ જોવા આવી. ઉચ્ચ પોલિસ અધિકારીઓ દોડતા આવી ગયા ! માંડ માંડ લોકોને સમજાવવા પડ્યા કે વરઘોડાને આગળ વધવા દો... વહુઘોડાનું સ્ટેજ આવ્યું ત્યારે તો સેલ્ફી લેવા સમુદ્ર ઉમટ્યો હોય એટલી સ્ત્રીઓ કેમેરા ધરતી હતી.. શહેરમાં પહેલીવાર યોજાયેલા આવા વહુઘોડામાં શહેરના મહિલા મેયર આવી પહોંચ્યા હતા. હવે, મીડિયા અને પોલિસની સંખ્યા વધી રહી હતી... ત્યારે નાથાલાલને એક મોટી છીંક આવી.....

# શું તમે 'જીભના જમાદાર' છો ? તો આ વાંચો




માનવ શરીરના તમામ અવયવોમાંથી 'જીભ' એક જ એવો અવયવ છે કે જેને ચોટ લાગે તો રૂઝ એની મેળે જલદીથી આવી જાય છે. અને તેથી જ શરીરના મોટાભાગના અવયવોના સ્પેશિયલ ડોકટર હશે પણ જીભના સ્પેશિયલ ડોકટર નહી હોય. કેમ કે ઈશ્વરે જીભને એવી જ બનાવી છે કે એ પોતાની જાતે જ ઠીક થઈ જાય છે. એને કોઈ ડૉકટરની જરૂર પડતી નથી. જીભ એ માનવશરીરમાં એક ખુબ જ મહત્વનું અંગ છે. માત્ર સ્વાદ પારખવાનું કામ જ જીભનું નથી. પરંતુ જીભ એ આપણા શરીર અંદર ગોઠવાયેલા ઉચ્ચારતંત્રનું એ.પી.સેન્ટર પણ છે. જીભ થકી જ મનુષ્ય ભાષા બોલી શકે છે. જીભ એ ભાષા અને ધ્વનિઓની પ્રણેતા છે. જનેતા છે. જો જીભ જ ન હોત તો માણસ કશુંજ બોલી શકતો ના હોત. જીભની સૌથી ખતરનાક ખાસિયત એ પણ છે કે જીભને એકેય હાડકું નથી પણ તે ધારે તો આપણા શરીરના બધાય હાડકા એક મિનિટમાં તોડાવી શકે છે. જીભ પોતે રસેન્દ્રીયની મહારાણી છે પણ તે કોઈના જીવનમાં એક ક્ષણમાં ઝેર ઘોળી શકે છે. ઈશ્વરે આપણને જોવા માટે બે આંખ આપી છે, સાંભળવા માટે બે કાન આપ્યા છે. ચાલવા માટે બે પગ આપ્યા છે અને કામ કરવા માટે બે હાથ આપ્યા છે. પણ બોલવા માટે જીભ એક જ આપી છે. અને છતાંય એક જીભ આપણા હાથ પગ ભંગાવી શકે છે.

'જીભ' ના ''ભગવત ગો મંડળ''માં ઘણા અર્થો મળે છે. (૧) કોઈ પણ પોકળ કે અવકાશની વચ્ચે હાલી શકે એવો લબડતો દંડીકો, પટી કે લગડી. જેમ કે ઘંટની જીભ. (૨) પ્રાણીના મોંમાંનો પાતળો અને ચપટો પટ્ટી જેવો મોંની બખોલમાં બધે ફરી શકે એવો પોચો ને સુંવાળો એક માંસલ અવયવ. બોલવાની કર્મેન્દ્રિય, સ્વાદેન્દ્રિય. આ ઉપરથી પ્રાણી મોંમાં ચવાતા ખોરાકને સંકોરે છે. ચાટી શકે છે. રસોનો અનુભવ લઈ શકે છે. અને અવાજ કરી બોલી શકે છે. તેને રસના, ઝબાન, જીભાન, મુખચીરો અને જબાં પણ કહે છે. જીભ નાની મોટી નવ માંસપેશીઓથી બનેલી છે. જેને કારણે તે પોતાના આકારમાં ફેરફાર કરી શકે છે અને બધા જ ધ્વનિઓ, ઉચ્ચારો કરી શકે છે. શબ્દકોશોમાં જીભના કેટલાંક સમાનાર્થી શબ્દો પણ મળે છે. '' જીભડી, જીભડો, જીભરૂં, જીભલડી, જીભા, જીભાંજોડી, જીભા જોડી, જીભા જોરી, જીભા જોળી, જીભાન, જીભાર, જીભાળું, જીભિયારસ, જીભી, જીભીમછી, જીભીમાછલી, જીભ્યા ''. સંસ્કૃતમાં જીભને '' જિહવા (જિહ્વા)'' કહે છે. જીભ માંસના લોચારૂપ હોવાથી એકદમ નાજૂક અવયવ છે. અને તેથી જ ઈશ્વરે તેને શરીરના સૌથી મજબૂત ૩૨ અંગરક્ષકો (દાંત) આપ્યા છે. આ ૩૨ દાંતની વચ્ચે જીભ હંમેશાં સુરક્ષિત રહે છે. અને તેથી જ ઘણી વખત જીભનો વાંક હોવા છતાંય જીભના ગુહનાની સજા ગાલને ભોગવવી પડે છે.

જીભને ભલે એકેય ખૂણો નથી છતાંય જીભના એક ખૂણે મા સરસ્વતી વસે છે અને બીજા ખૂણે યમરાજ પણ વસે છે. જીભ આપણને દુનિયાનું સૌથી મોંઘું સુખ પ્રેમ પણ અપાવી શકે છે અને જીભ આપણને યમરાજના દ્વાર પણ દેખાડી શકે છે. જીભ આપણને સન્માનિત પણ કરે છે અને અપમાનિત પણ કરાવી શકે છે. જગતમાં જીભ જ સૌથી સુંવાળી ચીજ છે અને સૌથી કઠિન કાર્યો પણ જીભ જ કરે છે. જીભ જ ના હોત તો આજે માનવજાતનો આટલો વિકાસ જ ના થયો હોત. મગજ ગમે તેટલું ફળદ્રુપ હોય, તેજધાર હોય પણ જો એ પોતાના વિચારોને જીભ દ્વારા રજુ ના કરી શકતું હોત તો એની પણ કોઈ કિંમત પણ ના હોત. એટલે મગજ હોય કે હદય, બુદ્ધિ હોય કે પ્રેમ, વિચાર હોય કે વ્યવહાર, સદભાવ હોય કે સંઘર્ષ, સત્ય હોય કે અસત્ય... બધાની અભિવ્યક્તિ જીભ દ્વારા જ પ્રભાવી બને છે. આ બધી ક્રિયા-પ્રતિક્રિયાનું મૂળ જીભ જ છે. આપણું બોલવું જ છે. અને છતાંય આપણે ''બોલવા'' પ્રત્યે સૌથી વધુ બેદરકારી દાખવીએ છીએ. આપણે એવું માનીને જ જીવીએ છીએ કે બોલતા આવડ્યું એટલે ગમે તે બોલી શકાય. આપણી જીભ છે, આપણું મોં છે તો એમાં બીજાને શું ? અને તેથી મોટાભાગના લોકો વગર વિચાર્યે બોલ્યા જ કરે છે. બોલ્યા જ કરે છે.

'જીભ'ને કારણે વિશ્વમાં મહાભારત જેવા અનેક યુદ્ધો પણ ખેલાયા છે. અનેક સામ્રાજ્યો ધ્વસ્ત પણ થયા છે. અનેક સભ્યતાઓ નાશ પામી છે. એ રીતે જોઈએ તો જીભ એક પરમાણું બોમ્બથી યે વધુ વિસ્ફોટક અને જીવલેણ શસ્ત્ર છે. બ્રહ્માસ્ત્રને તો મંત્રશક્તિથી નિષ્ક્રિય પણ કરી શકાય છે પણ ''શબ્દનું તીર'' એકવાર છૂટી ગયું તો એને ઈશ્વર પણ પાછું વાળી શકતા નથી. જીભ એક સાથે લાખો કરોડોની કત્લ કરાવી શકે એવું દુનિયાનું સૌથી વધુ ઘાતક શસ્ત્ર છે. અને લાખો કરોડો લોકોમાં નવી ચેતના, નવી ઊર્જા પણ પ્રગટાવી શકે એવી ઊર્જાધારા પણ છે, કેમ કે જીભ દ્વારા બોલાતા શબ્દોમાં મધ જેવી મિઠાશ પણ છે અને એ ઝેરથી વધુ ઝેરિલી તાકત પણ છે. બહાર શું લાવવું એ વ્યક્તિના પોતાના હાથમાં છે. એ રીતે જોઈએ તો જીભ દરેક વ્યક્તિના શિક્ષણ અને સંસ્કારનું પ્રતીક છે. પરિવાર તરફથી જેવા સંસ્કાર અને શિક્ષણ મળ્યું હશે એવી જ ભાષા વ્યક્તિની જીભ બોલશે. આજે વ્યક્તિ બોલતા તો જન્મના એકાદ બે વર્ષમાં જ શીખી જાય છે પણ શું બોલવું ? શું ના બોલવું ? ક્યાં, કેટલું બોલવું ? કોની સામે કેટલું – કેવું બોલવું, કેવી રીતે બોલવું ? આવું શીખતા વ્યક્તિની આખી જિંદગી નીકળી જાય છે. છતાંય વ્યક્તિને આવડતું હોતું નથી. એટલું સારું છે કે ઈશ્વરે જીભને પુરેપુરી સ્વતંત્રતા નથી આપી કે તે ઈચ્છે તે બોલી શકે. જીભને આપણા નિયંત્રણમાં જ રાખી છે. તેથી આપણા સંસ્કાર, શિક્ષણ અને સમજદારી ઉપર આધાર છે કે આપણે જીભ દ્વારા પરિવાર અને સમાજને મીઠાશ આપીએ છીએ કે કડવાશ. જીભ દ્વારા જ સંબંધો બંધાય છે કે તૂટે છે કે ટકે છે. કેમ કે વ્યક્તિ અંદરથી ગમે તેટલી સારી હશે પણ જો જીભમાં કડવાશ હશે, તોછડાઈ હશે, તો કોઈની સાથે પણ સારા સંબંધો લાંબા સમય સુધી નહીં જ રહે. કેમ કે વ્યક્તિના મનની વાત જલદીથી પરખાતી નથી પણ વ્યક્તિનો પરિચય તેની જીભ આપી દેતી હોય છે. એટલે જ કહેવત છે ને કે ''હૈયે હોય તે હોઠે આવે'' મનમાં હોય તે જીભ દ્વારા બહાર આવી જ જાય. તેથી જો જીવનમાં સુખી થવું છે, બધા સાથે હંમેશાં સારા સંબંધો રાખવા છે. લોકપ્રિય થવું છે તો જીભ પર હંમેશાં નિયંત્રણ રાખો, મીઠાશ રાખો. જો જીભ એકવાર નિયંત્રણ બહાર ચાલી ગઈ તો ભલભલા પરિવારો તૂટતા સહેજેય વાર નથી લાગતી. કેમ કે શબ્દોના તીરની પીડા તલવારથી યે વધુ ઘાતક હોય છે. શારીરિક ઘાવની દવા કરી શકાય છે. શબ્દોના ઘાવની પીડા શક્ય નથી. એ આખી જિંદગી વ્યક્તિને ડંખ્યા કરે છે. પીડા આપ્યા કરે છે. એક વખત શબ્દોને બોલી નાખ્યા પછી એને પાછા લઈ શકાતા નથી. વ્યક્તિ દ્વારા બોલાયેલા શબ્દો વ્યક્તિના સંસ્કાર, શિક્ષણ, સમજણ અને સ્વભાવ વ્યક્ત કરે છે. તેથી ક્યારે શું બોલવું, કોની સામે કેવું-કેટલું બોલવું, કેવી રીતે બોલવું, કેવા ટૉનથી બોલવું... આ બધું જિંદગીમાં ખુબ ઝડપથી શીખવું-સમજવું જરૂરી છે. યોગ્ય રીતે બોલતા શીખવું એ જીવનનું સાચું શિક્ષણ છે. જીવનમાં એ જ વ્યક્તિ સફળ બની શકે છે જેઓ પોતાની જીભ ઉપર નિયંત્રણ ધરાવે છે. બાકી આજે ઘણા લોકો ''જીભના જમાદાર'' થઈને ફરે છે. કશું જ વિચાર્યા વિના શબ્દોના ડંડા ચારેબાજુ પછાડ્યા કરે છે. આવા જીભના જમાદારો એ નથી જાણતા હોતા કે પોતાના શબ્દોના ડંડાઓ બીજાને કેટલી પીડા આપતા હોય છે. જેને કારણે આવી વ્યક્તિઓ કાયમ માટે પોતાનું જ સન્માન ગુમાવી દેતી હોય છે. જો તમે જીભના જમાદારો છો અને કાયમ માટે જીભના જમાદાર જ રહેવા ઈચ્છો છો તો સફળતા તમારાથી સો જોજન દૂર રહેશે. અને જીવનમાં તમે ક્યારેય કોઈને ખુશી નહીં આપી શકો. સારા માણસો હંમેશાં તમારાથી દૂર રહેશે. પરિવારના લોકો, મિત્રો કે સમાજના લોકો પણ તમને મુશ્કેલીમાં મદદ નહીં કરે, કેમ કે તમારી જીભ દ્વારા નીકળેલા શબ્દોએ એ બધાને ક્યાંક ને ક્યાંક ઘાયલ કર્યા જ હશે. તેથી જો તમે વગર વિચાર્યે બોલવાની આદત ધરાવતા હોય તો તાત્કાલિક ચેતી જજો. તમારી આ આદત તમને એક દિવસ ખુબ મોંઘી પડી શકે છે.

એક સત્ય એ પણ છે કે બોલવાથી કાં તો જ્ઞાન પ્રગટ થાય છે અથવા અજ્ઞાન પ્રગટે છે. પણ સામેવાળાની વાત સાંભળવાથી માત્ર અને માત્ર આપણા જ્ઞાનમાં વધારો થાય છે. તેથી સમજદાર વ્યક્તિ ત્યારે જ બોલે છે જ્યારે તેની પાસે જે તે વિષયનું સંપૂર્ણ જ્ઞાન હોય છે. બાકી ''જીભના જમાદારો'' તો પોતાના શબ્દોના ડંડા અહી તહી વીંઝતા જ ફરતા હોય છે. આવી વ્યક્તિઓને જ્ઞાન સાથે કશી લેવાદેવા હોતી નથી. એમની જીભમાંથી વહેતી અસ્ખલિત કડવી વાણી જ એમનું સત્ય અને શસ્ત્ર હોય છે. આવી કડવીવાણીથી એક જ પરિવારના આપસી સંબંધો ય તૂટે છે. એકબીજા પ્રત્યે લાગણી કે સંવેદના ઓછી થઈ જાય છે.એકબીજાથી સ્વાર્થી થઈ જાય છે.

જીભ થકી નીકળતી ભાષા જ વ્યક્તિનું ભવિષ્ય બનાવે છે કે બગાડે છે. દરેક વ્યક્તિની સફળતા કે નિષ્ફળતા પાછળ મોટેભાગે એમની જીભ કારણભૂત હોય છે. તેથી જીવનમાં સારા સંબંધો પામવા, ટકાવવા કે મોટી સફળતા પ્રાપ્ત કરવા કે ટકાવવા જીભ પરનું નિયંત્રણ ખૂબ જ અનિવાર્ય છે. આપણા શરીરના હાથ, પગ, આંખ, કાન, નાક બધુ ઈશ્વરે ખૂલ્લું રાખ્યું છે. માત્ર જીભને જ બત્રીસ દાંતની વચ્ચે મોંમાં રાખી છે. કેમ કે ઈશ્વર પણ જાણે છે કે જીભનું નિયંત્રણ ખુબ જરૂરી છે. પણ જો જીભ તમારા નિયંત્રણથી બહાર નીકળી ગઈ, તો સમજી લેજો તમને જીવનમાં દુ:ખી થતા કોઈ નહીં રોકી શકે.

મો. ૯૪૨૬૦ ૬૦૬૦૧